# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા** શાહ વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંસદ દ્વારા વકફ સુધારા બિલ પસાર થવું એ સામાજિક ન્યાય તરફ એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું.

2) કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, સરકાર સતત સુધારાઓ અને બૃહદ આર્થિક સ્થિરતા જાળવવા માટે પ્રતિબદ્ધ.

3) કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન આજે અમદાવાદ ખાતે યોજાશે.

4) અમેરિકામાં ચીનના માલની આયાત પર 104 ટકા ડ્યુટીનો આજથી અમલ.

5) મ્યાનમારમાં આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 3 હજાર 645 થયો.

6) IPLમાં, આજે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મેચ.

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MORN.PM- SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સંસદ દ્વારા વકફ સુધારા બિલ 2025 પસાર થવું એ સામાજિક ન્યાય તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. પ્રધાનમંત્રીએ ગઈકાલે રાત્રે નવી દિલ્હીમાં એક ખાનગી મીડિયા હાઉસ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સંબોધન કરતાં મુસ્લિમો સહિત તમામ સમુદાયોના હિતમાં આ બિલ પસાર કરવા બદલ સંસદને અભિનંદન પાઠવ્યા હતા.

## (BYTE-નરેન્દ્ર મોદી વકફ)

શ્રી મોદીએ નોંધ્યું કે, વર્ષ 2025ના પહેલા 100 દિવસોમાં, સરકારે માત્ર મહત્વપૂર્ણ નિર્ણયો જ લીધા નથી, પરંતુ ભવિષ્ય માટે મજબૂત પાયો પણ નાખ્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, અનેક વૈશ્વિક પડકારો છતાં, ભારત ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે અને માત્ર એક દાયકામાં અર્થતંત્ર બમણું થઈ ગયું છે. નક્સલવાદ સામેની લડાઈ અને ઉત્તર-પૂર્વમાં શાંતિ પુનઃસ્થાપિત કરવામાં થયેલી પ્રગતિનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે,

## (BYTE:પીએમ નક્સલવાદ)

આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીએ સમાધાન દસ્તાવેજનું પણ અનાવરણ કર્યું. આ દસ્તાવેજ દેશના યુવાનો અને કોલેજો દ્વારા વિકસાવવામાં આવેલા ઉકેલો અને વિચારોનો સંગ્રહ છે. જેમાં વાયુ પ્રદૂષણ, કચરા વ્યવસ્થાપન, નદીઓની સફાઈ, બધા માટે શિક્ષણ અને ટ્રાફિક જામ જેવા પડકારોના ઉકેલો રજૂ કરવામાં આવ્યા છે.

# FM- REFORMS

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, સરકાર સતત સુધારાઓ અને બૃહદ આર્થિક સ્થિરતા જાળવવા માટે પ્રતિબદ્ધ છે. સરકાર સુનિશ્ચિત કરી રહી છે કે, સમાજના દરેક વર્ગને વિકાસનો લાભ મળે.

કેન્દ્રીય મંત્રીએ ગઇકાલે લંડનના ઈન્ડિયા હાઉસ ખાતે આયોજિત '2047 સુધીમાં ભારતને વિકસિત અર્થતંત્ર બનવાની તકો અને પડકારો' વિષય પરના કાર્યક્રમને સંબોધતા આ મુજબ જણાવ્યું.

તેમણે કહ્યું કે, ભારત વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પરિવર્તનશીલ સુધારાઓ પર કામ કરી રહ્યું છે. છેલ્લા દાયકા દરમિયાન માળખાગત વિકાસ સરકારના નીતિગત એજન્ડાનો મુખ્ય આધાર રહ્યો છે. તેમણે કહ્યું કે, સરકારના મૂડી ખર્ચમાં 2017-18 થી 2025-26 સુધી 4.3 ગણો વધારો કરવામાં આવ્યો છે. આ નોંધપાત્ર વૃદ્ધિથી ભારતના ભૌતિક માળખામાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે.

મંત્રીએ કહ્યું કે, પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન મલ્ટિમોડલ કનેક્ટિવિટીને મજબૂત બનાવી રહ્યો છે, વેપારને સુવ્યવસ્થિત કરી રહ્યો છે અને લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડી રહ્યો છે. પરિણામે, વિશ્વ બેંકના લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઇન્ડેક્સમાં ભારતનો ક્રમ 2014 માં 54 થી સુધરીને 2023 માં 38 થયો છે.

# PM - NAVKAR MAHAMANTRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં નવકાર મહામંત્ર દિવસ કાર્યક્રમમાં ભાગ લેશે. આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધિત કરશે.

નવકાર મહામંત્ર દિવસએ આધ્યાત્મિક સંવાદિતા અને નૈતિક ચેતનાનો સ્ત્રોત છે. નવકાર દિવસ આધ્યાત્મિક શુદ્ધતા, સહિષ્ણુતા અને સૌના કલ્યાણ પર ચિંતન કરવાની પ્રેરણા આપે છે. વૈશ્વિક શાંતિ અને એકતા માટેના આ મંત્રોચાર માં આજે 108થી વધુ દેશોના લોકો જોડાશે.

## PREZ-VISIT-SLOVAKIA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોર્ટુગલની તેમની સફળ સત્તાવાર મુલાકાત બાદ આજે વહેલી સવારે સ્લોવાકિયાની રાજધાની બ્રાતિસ્લાવા પહોંચ્યા છે

રાષ્ટ્રપતિની પોર્ટુગલ મુલાકાત બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ રહી. વિદેશ મંત્રાલયના સચિવ તન્મય લાલે જણાવ્યું કે, રાષ્ટ્રપતિએ પોર્ટુગલના પ્રધાનમંત્રી  લુઈસ મોન્ટેનેગ્રો સાથે ખૂબ જ ફળદાયી બેઠક કરી. બંને નેતાઓએ દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી અને વિવિધ ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ વધારવા પર ભાર મૂક્યો. તેમણે ઉમેર્યું રાષ્ટ્રપતિ મુર્મુ અને પ્રધાનમંત્રી મોન્ટેનેગ્રો વચ્ચે ઉચ્ચ-સ્તરીય વાટાઘાટો ઉપરાંત, વિવિધ સ્તરે દ્વિપક્ષીય ચર્ચાઓ પણ થઈ હતી.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . . .

# CONGRESS MEET

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટના ઇવેન્ટ સેન્ટર ખાતે આજે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાશે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓની ઉપસ્થિતિમાં યોજાનારા આ અધિવેશનમાં ગુજરાતની અને દેશની વર્તમાન રાજકીય સ્થિતિ તેમજ કોંગ્રેસને મજબૂત બનાવવા જેવા મુદ્દાઓ ઉપર ચર્ચા હાથ ધરાશે.

જ્યારે ગઇકાલે શાહિબાગ સ્થિત સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે કોંગ્રેસ કાર્યકારીણી સમિતિની વિસ્તૃત બેઠક યોજાઇ હતી. જેમાં કોંગ્રેસના પનુર્ગઠન અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ સરદાર પટેલ અંગેનો એક વિશેષ ઠરાવ પસાર કરાયો હતો. આ બેઠકમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિતના ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# US-CHINA TARIFFS

અમેરિકામાં ચીનના માલની આયાત પર 104 ટકા ડ્યુટી આજથી અમલમાં આવશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ કાર્યાલય, વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટ દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. ચીની માલ પરની આ ડ્યુટી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના બીજા કાર્યકાળ પહેલા લાદવામાં આવેલી ડ્યુટી ઉપરાંતની હશે.

રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે ચીન પર 34 ટકા ટેરિફ લાદ્યો હતો, પરંતુ ચીન દ્વારા અમેરિકાના માલ પર 34 ટકા જવાબી ટેરિફ લાદવાના નિર્ણય બાદ, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે ચીન પરના ટેરિફમાં વધુ 50 ટકાનો વધારો કર્યો. આમ, ચીની માલ પર 84 ટકા વધારાની ડ્યુટી લાગશે.

# MYANMAR QUAKE-DEATH TOLL

મ્યાનમારમાં આવેલા 7.7 ની તીવ્રતાના વિનાશક ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 3 હજાર 645 થઈ ગયો છે. ભૂકંપમાં 5 હજાર 17 લોકો ઘાયલ થયા છે અને 148 હજુ પણ લાપતા છે

મ્યાનમાર સરકારના હવામાનશાસ્ત્ર અને જળવિજ્ઞાન વિભાગના જણાવ્યા અનુસાર, 28 માર્ચે આવેલા ભૂકંપ પછી, અત્યાર સુધીમાં 98થી વધુ આંચકા અનુભવાયા છે, જેની તીવ્રતા 2.8 થી 7.5 ની વચ્ચે હતી. ભૂકંપથી મ્યાનમારના સાગાઈંગ, મંડલે અને મેગવેમાં 80 ટકાથી વધુ ઘરોને નુકસાન થયું છે.

સંયુક્ત રાષ્ટ્ર માનવતાવાદી બાબતોના સંકલન કાર્યાલયે જણાવ્યું છે કે, દેશમાં પાંચ લાખથી વધુ લોકોને આરોગ્ય સહાયની જરૂર છે. દરમિયાન, ભારત, યુરોપિયન યુનિયન, અમેરિકા, સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા રાહત સામગ્રી અને ટીમો મોકલાઈ રહી છે. ભારતે ઓપરેશન બ્રહ્મા અંતર્ગત, મ્યાનમારમાં મોટી માત્રામાં તબીબી અને રાહત સામગ્રી મોકલી છે.

# RBI- MONETARY POLICY

રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિની બેઠક આજે મુખ્ય નીતિગત નિર્ણયોની જાહેરાત પછી પૂર્ણ થશે.

મુખ્ય નીતિ દરો પર વિચાર કરવા માટે નાણાકીય નીતિ સમિતિની બેઠક સાત એપ્રિલથી શરૂ થઈ હતી. રેપો રેટ ઉપરાંત, RBI ગવર્નર સંજય મલ્હોત્રા આર્થિક વૃદ્ધિ અંદાજ, ફુગાવો, ગ્રાહક ભાવ સૂચકાંક ફુગાવો અને કુલ સ્થાનિક ઉત્પાદન વૃદ્ધિ દર અંદાજો વિશે પણ માહિતી આપશે. બેઠક બાદ RBI ગવર્નર એક પત્રકાર પરિષદને પણ સંબોધશે

# IPL

IPLમાં, આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મેચ રમાશે.  મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

ગઈકાલે રાત્રે ચંદીગઢમાં, પંજાબ કિંગ્સે ચેન્નાઈ સુપર કિંગ્સને 18 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, પંજાબ કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટે 219 રન બનાવ્યા. જવાબમાં, ચેન્નાઈ સુપર કિંગ્સ 20 ઓવરમાં પાંચ વિકેટે 201 રન જ બનાવી શક્યું.

ગઈકાલે અન્ય એક મેચમાં, લખનૌ સુપર જાયન્ટ્સે કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે યજમાન કોલકાતા નાઈટ રાઇડર્સને ચાર રનથી હરાવ્યું.

<u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડયા</u>

**આજના અખબારોના મુખ્ય સમાચારો ઉપર નજર કરીએ તો**

- ગુજરાત સમાચારે રાજ્યપાલો બીલો લટકાવીને વિધાનસભાનુ ગળુ ન દબાવી શકે તેવા સુપ્રીમ કોર્ટના ચુકાદાના સમાચારની હેડલાઇન્સ બનાવી છે
- આ જ સમાચારને સંદેશે હેડલાઇન બનાવીને સુપ્રીમ કોર્ટના હવાલાથી લખ્યું છે કે ગવર્નરો પાસે બીલો રોકવાનો વીટો નથી
- નવગુજરાત સમચે કોંગ્રેસના અધિવેશનને મહત્વ આપીને તસવીર સાથે સમાચાર છાપીને લખ્યું છે કે ન્યાયપથઃ ભાવી રણનીતિ ઘડવા કોંગ્રેસનું સાબરમતી તીરે મહામંથન
- દિવ્ય ભાસ્કરે સર્વોચ્ચ અદાલતના ચૂકાદાને ટાંકીને લખ્યું છે કે મહામહિમની હદ નક્કી થઇ
- આ ઉપરાંત તમામ અખબારોએ ટેરિફ ટેરરના માથાળા હેઠળ તમામ અખબારોએ ચીન સામે 104 ટકાના ટેરિફના આજથી અમલના સમાચાર બનાવ્યાં છે. તેમજ વકફ સુધારા અધિનિયમનો અમલ શરૂ થવાના સમાચાર પણ દરેક અખાબારોના પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે..
- જ્યારે સ્થાનિક અને રાજ્યના સમાચારમાં સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો તેમજ અમદાવાદમાં નવકાર મંત્રોચ્ચારના સમાચાર પણ છેલ્લા પેજ ઉપર જોવા મળી રહી છે..